


## સારસ્વત હાઈસ્કૂલ બાયડમાં નવરાત્રીની ઉજવણી

નવરાત્રી પર્વની આસ્થા-ઉમંગ સાથે શરૂઆત થઈ છે ત્યારે બાયડની સારસ્વત હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓએ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ નવરાત્રીની ઉજવણીમાં ભાગ લેતાં હાઈસ્કૂલનું મેદાન ચાચર ચોકમાં ફેરવાયુ હતું. માડી તારૂ કંકુ ખર્યુ ને સૂરજ ઉગ્યો... વાદલડી વરસી રે...ના તાલ સાથે સારસ્વત હાઈસ્કૂલમાં ધો. ૬ થી ૧૨ વિદ્યાર્થી માટે કોરોના ગાઈડલાઈન અનુસરીને નવરાત્રી પર્વની ઉજવણી કરાઈ. ડી.જે.ના તાલે ગરબા શરૂ થતાની સાથે ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ વિદ્યાર્થીઓ રાસ-ગરબાની ૧ કલાક સુધી રમઝટ બોલાવી હતી. શાળાના આચાર્ય આરીફભાઈ મિરઝાના માર્ગદર્શન હેઠળ નવરાત્રીનું આયોજન કરાયુ હતુ.



## બાયડ નગરપાલિકા વિસ્તારમાં નવરાત્રી દરમ્યાન વિકાસ કામોનું ખાત મુહર્ત

બાયડ નગરપાલિકા વિસ્તારમાં વિવિધ વિસ્તારોમાં મંજૂર થયેલા વિકાસ કામોનું ખાતમુહર્ત શરૂ થયુ છે. અરજણવાવમાં ૫૦ હજાર લીટર પાણીની ટાંકીનું ખાતમૂહર્ત પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું. વિકાસકામો ચોમાસુ પુરૂ થતાં હવે શરૂ થઈ રહ્યાં છે. બાયડ નગરપાલિકા વિસ્તારમાં વિવિધ ગ્રાન્ટ હેઠળ વિકાસકામો મંજૂર થયા પછી હવે શરૂ થવાના છે. ત્યારે વિવિધ વિસ્તારના કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં ખાત મૂહર્ત થયા છે. જેમાં બાયડના મારૂતિનગર સોસાયટી વિસ્તારમાં સી.સી. રોડનું ખાત મૂહર્ત બાયડ શહેર ભાજપા સંગઠન ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ. વિકાસ કામોના ખાતમૂહર્તમાં કોર્પોરેટર, અશોકભાઈ પટેલ, મીનાબેન પટેલ, પૂર્વ જિલ્લા ભાજપા સંગઠન મંત્રી મણીભાઈ પંચાલ, દિનુભાઈ પટેલ, ધીરૂભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સ્ટેટ વિભાગનું કૌભાંડ ઝગમગ્યુ

# સાબરકાંઠામાં ફરજ બજાવતા સિંચાઈ અધિકારીની તપાસ ૪ વર્ષથી ગોકળ ગતિમાં

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠામાં ફરજ બજાવતા સિંચાઈ અધિકારીની ચેકડેમ-તળાવ ઊંડા કરવાની કામગીરીના કૌભાંડની તપાસ ૪ વર્ષથી ગોકળગાયની ગતિથી ચાલતાં અનેક લોકોને આશ્ચર્ય થઈ રહ્યુ છે. અગાઉ સ્ટેટ સિંચાઈ વિભાગમાં હતા ત્યારથી તપાસ શરૂ થઈ અને હાલ સાબરકાંઠા પંચાયત સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા અધિકારીએ કયા ખીલાના જોરે તપાસ ઢીલી કરાવી..!! ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક પગલાં ભરવાનો હુંકાર કરતી ભાજપા સરકાર આ મુદ્દે ઝડપી તપાસ કરાવે તેવી લોકચર્ચા ઉઠી છે.

વાત છે એક પૂર્વ સ્ટેટ સિંચાઈ વિભાગના અધિકારીની... જ્યાં જુઓ ત્યાં હું અણિશુદ્ધ-પ્રમાણીક અધિકારી હોવાનું સ્વયંમ જણાવે છે. પરંતુ આ મહાશય અરવલ્લી જિલ્લામાં સ્ટેટ સિંચાઈ વિભાગમાં ફરજ બજાવતા હતા ત્યારે ભિલોડા-મેઘરજ-મોડાસા વિસ્તારમાં ચેકડેમ મરામત, તળાવ ઉંડા કરવાની કામગીરીમાં ભ્રષ્ટાચાર આદર્યાની ફરીયાદ પછી તપાસ શરૂ થઈ. ૪ વર્ષથી તપાસ ચાલે છે. પોતાના મળતીયા ઉચ્ચ અધિકારી સાથે ઘરોબો હોવાથી સ્ટેટ વિભાગ છોડી સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગમાં ફરજ મેળવી... પરંતુ સ્ટેટ સિંચાઈ વિભાગની તપાસમાં એવું શું છે કે ૪ વર્ષ થવા છતાં તપાસ પૂરી થઈ નથી... કહેવાય છે કે તપાસ પૂર્ણ થાય તો ગાંધીનગર બેઠેલા વિભાગના અનેક ભ્રષ્ટ અધિકારીઓની પગતળે રેલો આવે છે અને જિલ્લામાં સ્ટેટ સિંચાઈ વિભાગમાં પાછલા ૫ વર્ષમાં કોરોડોની વિકાસ કામમાં થયેલો ગફલો પકડાય તો ૪ અધિકારીઓ ડીસેમ્બર-૨૦૨૧ પહેલાં જેલમાં ધકેલાય તેવી પુરી સંભાવના છે.

# સાબરકાંઠા-અરવલ્લીની ૪૯૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણીનો ધમધમાટ

### ભાજપા-કોંગ્રેસ-આપ પોતાના સમર્થક કાર્યકરોને મેદાનમાં ઉતારવા થનગન્યા

બાયડ, તા. ૧૦

ડિસેમ્બર-૨૦૨૧માં મુદત પૂર્ણ કરતી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની ૪૯૬ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજવા ધમધમાટ શરૂ થયો છે. રાજ્ય ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર આગામી મંગળવારે મતદારયાદી પ્રસિદ્ધ થશે તે જોતાં દેવ દિવાળી પછી તુરત જ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાઈ શકે છે. જિલ્લાની ૬૦ ટકાથી વધુ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાવાની છે ત્યારે ભાજપા-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના સમર્થક કાર્યકરોને સરપંચ-વોર્ડના ઉમેદવાર બનાવી મેદાનમાં ઉતારી વર્ષ ૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીને રસાકસીભરી બનાવવાનો મનસુબો ધરાવે છે.

ગ્રામ પંચાયતોમાં સરપંચનો મોભો ધારાસભ્યથી કંઈ કમ નથી. ગ્રામ પંચાયતોના વિકાસ માટે સરકાર દ્વારા ફળવાતી માતબર ગ્રાન્ટમાં કેટલાક ઉમેદવારો ગામના સર્વાંગી વિકાસ અને પોતાના ગામના વિકાસ માટે ઝંપલાવે છે તો કેટલાક ગ્રાન્ટોમાંથી ખુલ્લેઆમ કટકીમાંથી પોતાની આર્થિક સદ્ધરતા માટે સરપંચ પદ મેળવવા અધીરા બનશે. પાછલા ૫ વર્ષમાં મતદારો-પ્રજામાં જબરો બદલાવ આવ્યો છે. કોની દાનત કેવી છે તે જાણી ચૂક્યા છે. આ સંજોગોમાં આગામી ગ્રામ પંચાયતોનો જંગ રસાકસીભર્યો બની શકે છે. ભાજપા દ્વારા સરકારી સંસ્થાની ચૂંટણીઓમાં જે રીતે મેન્ડેડ આપી ઉમેદવારો જીતાડ્યા તે જોતા સરપંચ પદની ચૂંટણીમાં ભાજપા ગુજરાતમાં એક નવો પ્રયોગ કરી પોતાના ઉમેદવારોને પક્ષના પ્રતિક સાથે મેદાનમાં ઉતારવાની તૈયારી થઈ રહ્યાનું સંભળાય છે. જો આ સંભવ બને તો ભાજપા માટે વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલા સેમીફાઈનલ ગણાતો ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ જીતવો આસાન બનશે. છેલ્લી અઢી દાયકાથી સત્તાની બહાર ફેકાયેલી કોંગ્રેસ અસ્થિત્વ ટકાવવા મરણીઓ આખરી જંગ ખેલવાની ફીરાકમાં છે.

# ઉત્તર ગુજરાતમાં વ્યાપક છૂટછાટ પછી કોરોના સંક્રમણ વધ્યાની ભીતિ

### આંકડા છુપાવવાની કળા ભારે પડશે, દિપોત્સાવી પર્વ ઉપર સંકટ

બાયડ, તા. ૧૦

દેશમાં કોરોના સંક્રમણ વધ્યાના અહેવાલ વચ્ચે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં જન્માષ્ટમી પર્વ પછી વ્યાપક છૂટછાટનું ગંભીર પિણામ આવી શકે છે. કોરોના સંક્રમણ વધ્યાની ભીતિ છે, તંત્ર ભલે કોરોનાનો આજે એક પણ કેસ નથી ના સમી સાંજે જિલ્લાવાર આંકડા જાહેર કરતું હોય પરંતુ આંકડા છુપાવવાની કળા નવરાત્રી પર્વમાં ભારે પડશે. જે રીતે ખાનગી હોસ્પિટલમાં દર્દીઓનો ઉછાળો થતાં હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે તે જોતા સરકાર અને આરોગ્ય વિભાગે ગંભીર બનવું જરૂરી છે.

કોરોનાની બીજી પ્રાણઘાતક લહેર પછી ૧૮ વર્ષથી ઉપરના લોકોમાં કોરોના વેક્સીનેશનને સફળતા મળી પરંતુ બીજા ડોઝ માટે જે ઉદાસીનતા આવી તે જોતાં સરકાર-આરોગ્યવિભાગ મફત રસીકરણથી પ્રજાને કોરોના સામે રક્ષીત કરવા માંગે છે પરંતુ અધિકાંશ લાપરવાહ પ્રજાને તેની દરકાર નથી. પાછલા ૪ થી ૫ દિવસના ખાનગી હોસ્પિટલના દર્દીઓની સંખ્યા ઉપર નજર કરીએ તો ભલે મિશ્ર ઋતુથી વાયરલ બીમારી વધ્યાના દાવા થયા હોય પરંતુ તેમાં મોટાભાગે કોરોના સંક્રમીત લક્ષણો જણાઈ આવે છે. દરેક લહેરમાં કોરોનાનું સ્વરૂપ બદલાય છે તેથી પ્રજાની ગાફેલતા દિપોત્સવી પર્વ ઉપર સંકટ ઉભી કરે તેવી દહેશત વધી છે. ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં અત્યારે ૧૦૦ થી વધુ સંક્રમીત દર્દી હોવાની આશંકા સેવાય છે.

# લાલ લાઈટના વી.આઈ.પી. ક્લચરને ખતમ કરવા મોદી સરકારના નિર્ણયને પડકારનાર કોણ ?

### અરવલ્લીમાં ખાનગી કારમાં લાલબત્તી સાથે શખ્સનો વટ

વીઆઈપી કલ્ચરને ખતમ કરવા મોદી સરકારે મહત્વનો નિર્ણય લીધો હતો જેમાં દેશભરમાં ઈમરજન્સી સર્વિસના



વાહનો સિવાય કોઈ પણ સરકારી વાહન પર લાલ લાઈટ નહીં લગાડાય તેવું સરકારે નક્કી કર્યું હતું અને મંત્રી, અધિકારીઓ સહીત વીઆઈપીઓની ગાડીઓ પર લગાવેલ લાલ,લીલી અને પીળી બત્તી હટાવી લીધી હતી ત્યારે અરવલ્લી જીલ્લામાં રતનપુર ચેકપોસ્ટ પરથી ખાનગી કાર પર એક શખ્સ લાલ લાઈટ લગાવી પસાર થાતો કેમેરામાં કેદ થતા અને ચેકપોસ્ટ પર ફરજ બજાવતી પોલીસે પણ આ શખ્સને પસાર થવા દેતા ખાનગી કાર પર લાલબત્તી લગાવી વટ મારતો શખ્સ કોણ અંગે તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું છે લાલબત્તી લગાવેલ કાર અરવલ્લી જીલ્લા પાસીંગની અને લાલ લાઈટમાં ફરવા ટેવાયેલ એક અધિકારી હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી ત્યારે લાલ લાઈટ લગાવી રાત્રે રોફ જમાવનાર શખ્સ સામે જીલ્લા વહીવટી અને પોલીસતંત્ર તપાસ કરશે કે પછી વીઆઈપી ક્લચર ચલાવી લેશે.

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી શિવાંશને તરછોડી રાજસ્થાનના કોટા શહેરમાં ફરાર થયેલ સચીનની ધરપકડ કરી પરત લાવી રહેલ ગાંધીનગર પોલીસનું કવરેજ કરવા રતનપુર ચેકપોસ્ટ પર કવરેજ કરવા ગયેલા પત્રકારો રાજસ્થાન તરફથી અરવલ્લી જીલ્લા આરટીઓ પાસીંગની ખાનગી કાર લાલ લાઈટ સાથે આવી રહેલી જોઈ ચોકી ઉઠ્યા હતા અને ફરજ પર રહેલ પોલીસે પણ લાલ લાઈટ વાળી કારને નહીં અટકાવતા પત્રકારોએ સમગ્ર ઘટના કેમેરામાં કેદ કરી લીધી હતી અને લાલલાઈટ કાર પર લગાવી ખાનગી કારમાં રોફ જમાવી પસાર થતો શખ્સ કોણ સહીત અનેક ચર્ચાએ જોર પકડ્યું હતું ત્યારે રાત્રે લાલ લાઈટ લગાવી કારમાં ખુલ્લેઆમ જીલ્લાના માર્ગો પર ફરતા શખ્સ સામે તંત્ર ઘૂંટણીએ પડી ગયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

# અરવલ્લી : ઘરની છત, સ્કૂલબેગ, કાર, એક્ટિવા અને ટ્રકમાંથી સતત વિદેશી દારૂ ઝડપી પાડતી પોલીસ, બુટલેગરો પર સકંજો

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અને વેપલાને અટકાવવા પોલીસ




સતત દોડાદોડી કરી રહી છે બુટલેગરો તહેવારોની સીઝનમાં વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા બન્યા છે મોડાસા ટાઉન પોલીસે સર્વોદયનગર વિસ્તારમાં એક ઘરની છતમાં સંતાડેલ અને એક યુવકની સ્કૂલબેગમાથી દારૂ ઝડપી લિધો હતો શામળાજી પોલીસે ટ્રક તેમજ કારમાંથી,આંબલીયારા પોલીસે કારમાંથી અને ઈસરી પોલીસે એક્ટિવાની ડેકીમાંથી વિદેશી દારૂ ઝડપી લીધો છે જીલ્લા પોલીસતંત્રએ લાખ્ખો રૂપિયાનો વિદેશીદારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

મોડાસા ટાઉન પીઆઈ નીતિમીકા ગોહિલ અને તેમની ટીમે સર્વોદયનાગર (ડુંગરી) વિસ્તારમાં સુનીલ મગન છારા અને તેની પત્ની જયશ્રી છારા વિદેશી દારૂનો અડ્ડો ચલાવતા હોવાની બાતમી મળતા તેમના ઘરે ત્રાટકી તપાસ હાથધરી બુટલેગર દંપતીએ ઘરની છતના નળિયાં નીચે સંતાડેલ વિદેશી દારૂની બોટલ અને બીયર ટીન રૂ.૨૪૫૦/- ના ઝડપી પાડી ફરાર બુટલેગર દંપતીને ઝડપી પાડવા ચક્રોગતીમાન કર્યા હતા અન્ય એક કિસ્સામાં મોડાસા બસ સ્ટેન્ડ નજીક સ્કૂલબેગમાં વિદેશી દારૂ ભરી પસાર થતા મહેશ બાબુ કળબ નામના બુટલેગરને દબોચી લઈ સ્કૂલબેગ માંથી ૬ હજાર રૂપિયાની ૨૦ બોટલ જપ્ત કરી રૂ.૭૬૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

શામળાજી પોલીસે ટ્રકમાંથી ૨.૧૨ લાખથી વધુનો વિદેશી દારૂ સાથે રાજસ્થાનના પ્રતાપસિંહ ઉદયસિંહ રાજપૂત અને ચંદનસિંહ દેવસિંહ રાજપૂતને ઝડપી પાડી રૂ.૧૩.૮૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો હતો તેમજ એક સ્વીફ્ટ કારમાંથી ૬૮ હજારના વિદેશી દારૂ સાથે ભિલોડા કિશનગઢના બુટલેગર શૈલેષ છગન ચામઠાની ધરપકડ કરી ૩.૬૮ લાખનો મુદ્દામાલ ઝડપ્યો હતો.

આંબલીયારા પીએસઆઈ રૂપલ ડામોર અને તેમની ટીમે વિસ્ટા કારમાં વિદેશી દારૂની ખેપ મારતા અમદાવાદ જુહાપુરાના સંકલીત નગરમાં રહેતા મોં.ઈસ્માઈલ ઈબ્રાહિમ કુરેશીને દબોચી લઈ ૪૧ હજારના વિદેશી દારૂ સાથે ૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો હતો ઈસરી પોલીસે રમાડ ગામ નજીક એક્ટિવામાંથી ૩૪ હજારનો દારૂ ઝડપી લીધો છે.

### કાશ્મીરમાં બે શિક્ષકોની શાળામાં ઘૂસી હત્યા

# ઘેરા પ્રત્યાઘાત : પ્રાથમિક શૈક્ષીક મહાસંઘ દ્વારા દરેક જિલ્લામાં કલેક્ટરને આવેદનપત્ર આપી રોષ ઠાલવ્યો

બાયડ, તા. ૧૦

કાશ્મીરમાં આતંકવાદીઓએ સરકારી કુમાર શાળામાં ઘૂસી બે શિક્ષકોની હત્યા કરતાં સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા વિવિધ જિલ્લામાં કલેક્ટરને આવેદન આપી હત્યારા આતંકવાદીઓને પકડી દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કાશ્મીરમાં હવે હિન્દુઓની હત્યાનો દોર શરૂ થયો છે. કાશ્મીરમાંથી હિન્દુઓની હિજરતના અહેવાલ પણ વહેતા થયા છે. બે દિવસ અગાઉ કાશ્મીરમાં આતંકવાદીઓએ સરકારી પ્રા. શાળાના ૨ શિક્ષકોની હત્યા કરતાં કેન્દ્ર સરકાર સહીત દેશની પ્રજા સ્તબ્ધ થઈ છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત વિસ્તારમાં કલેક્ટરને આવેદનપત્ર આપી શિક્ષકોની હત્યા કરનાર આતંકીઓને ઝડપી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. કઠલાલ તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા પણ કલેક્ટરને આવેદનપત્ર આપી કાશ્મીરમાં શિક્ષકોની હત્યાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી છે. અધ્યક્ષ મિતેશ પટેલ, સંગઠનમંત્રી સુભાષ ડાભી, મંત્રી સંગ્રામસિંહ સોલંકી સહીતના શિક્ષક આગેવાનોએ આવેદનપત્ર આપ્યુ હતુ.